# JS 2172 સોયાબીનની વિશેષતાઓ

## (JNKVV, જબલપુરનાં જણાવ્યા મુજબ):

- પાકવાના દિવસો: 95-100
- સંશોધિત વર્ષ: 2023
- સંશોધિત સંસ્થા: જવાહરલાલ નહેરુ કૃષિ વિશ્વ વિધ્યાલય, જબલપુર
- સરેરાશ ઉત્પાદન: 20 મણ/વિઘા
- રુવાંટીવાળી શીંગ
- હાર્વેસ્ટર દ્વારા કાપણી માટે યોગ્ય જાત
- મોટો અને ચમકદાર દાણો

**ખાસ નોંધ : ઉપરના તમામ છોડના ગુણધર્મો કુદરતી પરિબળો અને ખેતી પદ્ધતિઓ પર આધાર રાખે છે, તેથી તેમાં ફેરફાર થઇ શકે છે.**

# JS 2172 સોયાબીનની ખેતી પધ્ધતિ

## જમીન અને આબોહવા

સોયાબીનનું સારૂ અને વધુ ઉત્પાદન મેળવવા માટે સારા નિતારવાળી, ગોરાડુ જમીન તથા મધ્યમ કાળી કે બેસર જમીનમાં વાવેતર કરવું જોઈએ. ક્ષારવાળી અમ્લીય કે પાણી ભરાઈ રહે તેવી જમીન સોયાબીનના પાકને અનુકુળ આવતી નથી. સોયાબીનનો પાક હૂંફાળું અને ભેજવાળી આબોહવામાં સારો થાય. પૂરતો વરસાદ, મધ્યમ તાપમાન અને ઊંચો સાપેક્ષ ભેજ સોયાબીનની ખેતીને અનુકૂળ આવે છે. સોયાબીનનો ભેજની અછત કે હિમ સહન કરી શકતું નથી. ફુલો આવતાં હોય ત્યારે કે તેના પહેલાં તરત જ ભેજની અછત વરતાય તો ફુલો અને શીંગ અકાળે ખરી પડે. પરિપકવ અવસ્થાએ જો વરસાદ પડે તો બીજની ગુણવત્તાને નુકસાન પહોંચાડી શકે છે.

## સેન્દ્રીય ખાતર

સોયાબીન જમીનમાં નાઇટ્રોજન સ્થીરીકરણ કરતો પાક હોવા છતાં, શરૂઆતમાં પોષક તત્વની જરૂર પડે છે. તેથી હેકટર દીઠ 10 ટન સારૂ કોહવાયેલું છાંણીયું ખાતર જમીનની પ્રાથમિક ખેડ સમયે આપવું જરૂરી છે. છાણીયું ખાતર આપી ટ્રેકટરની મદદથી અથવા હળથી ઊંડી ખેડ કરવી અને બે થી ત્રણ કરબની ખેડ કરી સમાર મારી જમીન તૈયાર કરવી.

## બીજ માવજત

સોયાબીનની બીજનું ઊંડું વાવેતર કરવામાં આવે તો ફૂગથી સડી જાય છે. તેનાથી બચવા કિલો દીઠ બિયારણને સારામાં સારી ફુગનાશકનો પટ આપી બચાવી શકાઈ. તથા ત્યારબાદ રાઈઝોબિયમ અને પીએસબી કલ્ચરનો પટ પણ આપી શકાઈ.

## વાવેતર સમય

ચોમાસુ શરૂ થતાં જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે વાવણી કરવી. મોટા ભાગે 15 જુન થી 20 જુલાઈ દરમ્યાન વહેલી વાવણી થઈ શકે. સોયાબીનનાં બીજનાં અંકુરણ માટે 35 સે. તાપમાન એકદમ અનુકૂળ હોય છે.

## બીજદર અને વાવેતર અંતર

| બીજદર (કિલો/હેક્ટર) | વાવેતર અંતર (સે.મી.) |
|---|---|
| 50-60 | બે હરોળ વચ્ચે : 45 સે.મી.<br>બે છોડ વચ્ચે : 10 સે.મી. |

ખાસ નોંધ : બીજદર એ વાવેતર અંતર, છોડની વૃધ્ધિ, જમીન અને દાણાના કદ ઉપર આધાર રાખે છે જેથી તેમાં ફેરફાર થઈ શકે છે.

## રાસાયણિક ખાતર

સોયાબીનના છોડમાં મૂળમાં રહેલ ગંડિકાઓ હવામાંના નાઈટ્રોજનનું સ્થિરીકરણ કરવામાં મદદરૂપ થાય છે. આ પાકને હેક્ટરે 30 કિ.ગ્રા. નાઈટ્રોજન અને 30 કિ.ગ્રા. ફોસ્ફરસ આપવાથી સારૂં ઉત્પાદન મેળવી શકાય છે.

## આંતરખેડ અને નિંદણ નિયંત્રણ

સોયાબીન કઠોળ વર્ગનો પાક હોવાથી તેમના મૂળ પર મૂળ ગંડિકાઓનું પ્રમાણ વધુ તે માટે જમીનમાં હવાની અવર-જવર થવી ખૂબ જરૂરી છે તેથી 20 અને 40 દિવસે આંતરખેડ કરવી જોઈએ. જેથી નિંદણનું પણ નિયંત્રણ કરી શકાય છે.

## પિયત

ખરીફ ઋતુમાં સમયસર વાવવામાં આવતા પાકને પિયતની જરૂર પડતી નથી. પરંતુ જો વરસાદનો ગાળો લંબાઈ અને ખેંચ ઉભી થાય કે ચોમાસુ નિષ્ફળ જાય તો જરૂરીયાત મુજબ પિયત આપવું. બીજાકરણ, ફૂલો આવવાં અને શીંગો ભરાવાની અવસ્થા દરમ્યાન જમીનમાં પૂરતા પ્રમાણમાં ભેજ હોવો જરૂરી છે. આ અવસ્થા પૈકી કોઈ પણ સમયે ભેજની અછત ઉભી થાય તો ઉત્પાદન પર માઠી અસર થાય છે.

## પાક સંરક્ષણ

### (A) રોગ નિયત્રંણ

### I) ભુકી છારો:

પાન પર ફૂગના સફેદ રંગના બીજાણુંની વૃધ્ધી થયેલી જોવા મળે છે. પાન પર એક-બે જગ્યાએથી રોગની શરૂઆત થતી જોવા મળે છે. સમય જતા ફૂગની વૃદ્ધિ છોડના પાન, કુમળી ડાળીઓ તેમજ બીજ પર જોવા મળે છે. આવા છોડમાં દાણા બેસતા નથી. આ રોગના ફુગની વૃદ્ધિ પાનની ઉપરની સપાટીએ સફેદ છારીના રૂપમાં જોવા મળે છે.

### નિયત્રંણ:

આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા ફૂગનાશકો

1. ટેબુકોનાઝોલ 10 % + સલ્ફર 65% WG - 50 ગ્રામ/ પંપ
2. મેન્કોઝેબ 63 % + કાર્બેન્ડાઝિમ 12% WP - 30 ગ્રામ/પંપ
3. હેક્ઝાકોનાઝોલ 5 % SC - 30 ગ્રામ/પંપ

### II) પાનનાં ટપકાં:

રોગની શરૂઆતમાં સૂર્યની સામે ઉપલા પાંદડા ચળકાટ વગરના અને જાંબુડીયા રંગના દેખાય છે. ખૂણિયા કે અનિયમિત આકારના રાતા જાંબુડીયા રંગના ચાંઠા ઉપલા પાનની બન્ને સપાટીએ જોવા મળે છે. આવા ચાઠા પર્ણદંડ અને થડ ઉપર પણ જોવા મળે છે. રોગનું આક્રમણ વધતા રોગ શિંગો અને દાણા પર લાગે છે તેથી દાણા પણ જાંબુડીયા રંગના બને છે.

### નિયત્રંણ:

આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા ફૂગનાશકો

1. એઝોક્સિસ્ટ્રોબિન 11% + ટેબ્યુકોનાઝોલ 18.3 % SC - 15 મિલી/ પંપ
2. મેન્કોઝેબ 63% + કાર્બેન્ડાઝિમ 12% WP - 30 ગ્રામ/પંપ
3. ટેબુકોનાઝોલ 50% + ટ્રાયફ્લોક્સીસ્ટોરબિન 25% SC - 8 ગ્રામ/ પંપ

### III) વિષાણુથી થતો પંચરંગીયો:

આ રોગના લીધે ઉગાવો મોડો અને છોડ નબળો રહે છે. રોગની શરૂઆત નવા કુમળા પાનથી થાય છે. પાનની ધાર ઉપર કરચલી અથવા તો વિકૃતિ આવે છે અને પાનની નસો પીળી થઈ જાય છે. મુખ્ય નસોની પાસે ઘાટા લીલા પટ્ટા દેખાય છે અને રોગ વધતા પાનની સપાટી ઉપસેલી દેખાય છે. રોગ વાળા છોડમાં ફુલ મોડા આવે છે, તેમજ શિંગો ઓછી અને મોડી બેસે છે.

### નિયત્રંણ:

આ રોગ મોલોથી ફેલાતો હોવાથી જંતુનાશક દવાનો છંટકાવ કરવો.

1. એફીડોપાયરોપેન 50% DC - 40 મિલી/પંપ
2. ડાયમેથોએટ 30% EC - 30 મિલી/પંપ
3. એસીટામીપ્રીડ 20% SC - 6 ગ્રામ/પંપ

## (A) જીવાત નિયત્રંણ

### (I) લશ્કરી ઈયળ:

નાની ઈયળો પાનની નીચેની સપાટીએ રહીને પાનનો લીલો ભાગ કોતરી ખાય છે, જેથી પાન અર્ધપારદર્શક બની જાય છે. જયારે મોટી ઈયળો પાન કાપી ખાઈને પાનમાં મોટા અનિયમિત આકારના કાણાં પાડે છે. વધારે ઉપદ્રવમાં છોડ ઝાંખરા જેવા થઈ જાય છે.

### નિયત્રંણ:

આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા જંતુનાશકો

1. પ્રોફેનો 40% + સાયપર 4% EC - 40 મિલી/પંપ

2. એમામેકટીન 5 % SG - 10 ગ્રામ/પંપ
3. થાયામેથોક્ઝામ 12.6% + લેમ્બડાસાયહેલોથ્રીન 9% ZC - 10 મિલી/પંપ
4. ક્લોરાન્ટ્રાનીલીપ્રોલ 18.5 % SC - 6 મિલી/પંપ

### (II) થ્રિપ્સ:

જીવાત પાનની નીચે રહી રસ ચૂસે છે જેથી છોડ ફીકો પડે છે અને ઉત્પાદન ઘટે છે.

### નિયત્રંણ:

**આ રોગનાં નિયત્રંણ માટે છંટકાવ કરવામાં આવતા જંતુનાશકો**

1. ફિપ્રોનીલ 5% SC - 30 મિલી/પંપ
2. સ્પીનેટોરમ 11.7% SC - 6 ગ્રામ/પંપ
3. પ્રોફેનોફોસ 40% + સાયપરમેથ્રિન 4% EC - 40 મિલી/પંપ
4. ફિપ્રોનીલ 40% + ઇમીડાક્લોપ્રીડ 40% - 8 ગ્રામ/પંપ

## કાપણી, થ્રેસીંગ અને સંગ્રહ

સોયાબીનના પાન પીળા થઈ જાય અને 90 થી 95% શીંગો સોનેરી પીળા રંગની થઈ જાય ત્યારે પાકની કાપણી કરવી. પાકની કાપણી મોડી કરવામાં આવે તો શીંગો ફાટી જઈ દાણા ખરી પડે છે, અને જો લીલી શીંગો હોય અને કાપણી કરવામાં આવે તો શીંગોમાં દાણા ચીમળાયેલા તથા લીલા રંગના રહે છે જેથી દાણાની ગુણવત્તા બગડે છે. કાપેલા છોડને 5 થી 6 દિવસ ખળામાં સુકાવા દઈ ત્યારબાદ લાકડાના હાથાથી અથવા પાવર થ્રેસરથી દાણા છૂટા પાડી શકાય છે.

FULE Seeds ®